દેખો મેરે બાલે જોબનકી બહાર
કયસી બની રંગલી નુકીલી નાર
પર દીલ ઉદાસ હએ ના પૈસા પાસ હએ
શૌહરસે હું મય બેજાર
મેરે નાજુક બદન પર—ઓર ઇસ ફુબન પર
અયસે મુવેકો કરૂં મય નીસાર
હું પેજાર મારૂં ચાર રોવે જાર જાર
જબ નીકલે દીલકા ગુબાર

૧૧૬ સયદે હવસ

પલક પર બાદલ હએ છાયા
દો આલમકા રંગ હએ બદલા
હર ઘર એક સર હએ ચરચા
કહીં શરકા કહીં ઘરકા કહી જરકા કહીં સરકા
એ દીલ ધડકા જીગર ફટકા લો સરપર ખંજર આ પહોંચ
હએ કહેરે કીથીયા મતલબ એહી ખુલા
હકસે કરો દુઆ બર આવે મુંદઆ
જમીકા તબકા થર રાયા

૧૧૭ સયદે હવસ

રંગ રલીઆ કરો ખુશીઆ હીલમીલ શાદાબ
હએ ગુલ ઓર બુલ બુલકા જોડા નાયાબ
ઓ અરેરેરે ઓ અરેરેરે હું મય હએરાંન
આ હા હા હા હા આ હા હા હા હા કયું નાના જાન
ચલ પરે હટ ચલ પરે હટ દુર હોં શયતાન
જાતે હય સબકો આદાબ

૧૧૮ સયદે હવસ

રંગીલી રસીલી નુકાલી શરમીલી પ્યારી હએ અલબેલી
જાઓ જાઓ જાઓ અજી નાહી સતાઓ
પ્યારી લટક મટક કયા ચાલ ઢાલ હએ મતવાલી
મોહેનાં બનાંએ સખી મત શરમાં ઓ સખી
નયન સયન લલચાએ જાએ જીઆલી—રંગીલી

૧૧૯ બન્જમેફાનો

પ્યારે પરદેશ ન જાવોરે ઓ સાજના
નયનાં બીન પ્યારે તજકર ધીરે મોરે નીર બહાવે.
તેરે કુરબાન તેરે કુરબાન પ્યારે દુઃખદે ન પલપલીયાં,
નીસ દીન તન જલીયાં કરે થીન છીન તલમલીયા
બેકરાર હું ન બાર હું નીસાર હું
મેહેરબાન તું બાર બારકર મીલકર કર રંગ રલીયાં

૧૨૦ કળાવતી

શું બાગ કરમાવો કોમળ ગુલાબી આ ફુલ
પવન નવરંગેથી કાંઇ ખીલતું ટપકે શીર લાલી અમુલ—શું
રંગના રસીલો વેહેલો આવીને ભળશે શીકું પાડે
ધીરાં નયનોથી નયનો મીલાવી ખીલવશે પ્યારૂં આ ગુલ—શું

૧૨૧ અસરમતી

જપતી પ્રીતમની જપમાળ જુવતી જે અલબેલી
જોબન રસ રંગે જેની આ બની ઘેલી
વ્યાકુલ વૃક્ષના વીણુ વ્હાલી વલી—જપતી૦
તન મનમાં વ્યાપી રહયો જોબન વશંત જંગ
રશભોગી રસીઓ વીના રમસો કયાં રસ રગ
જાણ્યું ન જડીઓ કોઇ, રસીઓ રંગીલે
ચપ ચપ કરતી લેતીજા તું ચલેલી—વ્યાકુલ
પેટ દુખે" શીર કુટતા સંકટ બાન સમાય
બલતાને બાલી સખી હૈડે શું હરખાય,
આહા અકલાએ શાને છેલ છબીલી—વ્યાકુલ૦

૧૨૨ વીક્રમ ચરીત્ર

એ.. ......માથે મટુકી લઇ જાઉં પ્યારા લેહેરી લાલાને દુધડલા પાઉં
હુ ગોવાલણુ નાની નારી પ્યારો મારો છે વીહારી.
રંગે રમાડી રીઝાઉં—પ્યારા—એ૦

૧૨૩ પવીત્ર–લીલાવતી

ફરી વેસ્યાની યારી બેઠા અટારી પેલા તમારા પ્રાણુ
જાવો યાઓ મૈયારી ભાભી અમારી—બેઠા પેલા૦
વીછીનો આંકડો વેશયા છે વસમી જો જો ન થાય જાણુ
જાણુશે તો ઝેર આણુશે ઝાઝુ કરશે રાંડ રોકાણુ
જુઓ જલની ઝારી હાથમાં ધારી—બેઠા પેલા૦

૧૨૪ વીક્રમ ચરીત્ર

મને સહાય કરશે મોરારીરે વારે ચઢશે ગોવરધન ધારી
અહલ્યા ઉગારી મીરાંબાઇ તારી બેની ચીંતા કરીશ નહીં મારી—મને૦
માંજારી બચ્ચાંને બલતાં ઉગારી મોક્ષ દીધો ગજેન્દ્રને તારી
દ્રૌપદીના ચીર પુરયા થાશે તે સહાયકારી—મને

૧૨૫ વીણાવેલી.

ઉગ્યો સખી ! સતીનો શણુગાર હાર. ચાલચાલ જોવાનો ચંદ્રમાં
જોને પ્રેમ ઘેલી ભુમીના દેદાર જોને ડોલે સતી આ.નંદમાં—ઓહો૦
ધન્ય ધન્ય સુંદરી ! તને ચતુર ચંદ્ર તુજ કાંત
શાંત પાઠ પઢાવતો સાથીને એકાંત
ધરણી પડી પતીને પાય શીક્ષા શીરે ધરેરે
ગુણુયલ ગોરી પતીને પાય શાંતી ચીતે સ્મરેરે
ધરોને બહેન ! ધરતી માતાનું કહ્યું કાન
પ્રીતેથી કરો સંસાર સુધારસ પાન-ધરણી
ચંદ્ર સુખે ચીઢાઇને તારાના મુખ સ્યામ
સદ્દગુણીનું સુખ ભાલીને રમે દુષ્ટના રામ,
સખી ! જેને પતીનું માન-તેના ગાંધર્વ ગાએ ગાન
પામે દેવી સમાન સન્માન રમે રાસ રસીક લઇ સાથ
ધરણી નામ સમ ગૃહીણીઓ, સેવે સ્વામી પાય
ચતુર ચંદ્ર સમ ધણી મલે, જય જય ત્યાં ઊંચરાય

૧૨૬ સુરદાસ

બોલું કયા મેરે પ્યારેકી બતીયાં, બોલું કયા મેરી છોટીસી છતીયાં—ટેક.
ન ધરી ચેન સધરી રેન ચુમી ચુમી, બદન શયનમે દુઃખી કર ડારી
પકરી જુગલ કર, બસન અલગ કર, કીચ પર હરી ડર, છત અધરન પર.
સાખી—મરોર ડારે જોરસોં, મેરે કોમલ અંગ,
એસે નીરદય નાથકો, સુપને કરૂં ન સંગ—બોલુ૦
સાખી—ત્રાશ બઢયો તનમેં અતી, હીયકો ઘટયો હુલાસ,
એસો જો મેં જાનતી, તો જાત ન પીયુકી પાસ—બોલું

૧૨૭ સુરદાસ.

નર નીચ અંહીથી જા, જા, જા,
લે માર ખળ તું ખા, ખા, ખા,
બહુ મદમસ્ત બનીને બોલ્યો, રંગ અમારો રજમાં રોલ્યો
નથી શરમ નફ્ટ, હરામી તું હઠ હઠ
શાને અંહી આવ્યો શઠ, પ્હેરવાને નથી પટ—જા જા.

૧૨૮ સુરદાસ.

જાઊં જાઊં પ્યારી પાસ ઝટપટ, છોડ છોડ મુજ કર તું
જરીએ નહીં અધમ શરમ તમને
જગત ડર મહદ નીશદીન છે મુને
વેસ્યા સદન જોઇ નગન જગ, કહે ધીક તેની બ્હીક ઉર મહી ધરોને તું.
બીલ્વ–જાઉં જાઉં
પુરણ ચીત્ત મુજ પ્રસન રહેછે, ચીંતામણીનું મીલન થતાં
લઇશ લ્હાવ બની રસ બસ હું, અલગ થા તું જા નાર નકામી–જાઉં.

૧૨૯ સુરદાસ.

હું ભજન કરીશ હરીનું, સદા સુખે–ભજન૦
આ સંસાર આગ સમ લાગે, મીથ્યા ફાંફા મારી હારી–ભજન૦
નહીં કોઇને કેવા તમારી વાત આ બંધાણી છું.
રાખો ભરોસો રૂદયમાં, હું દેવના સમ ખાઉંછું,
છોડો ક્ષમા લાવી મને, ઝટ આહીંથી જાવા દીઓ,
સંતો તણા સહવાસમા, ગુણ કૃષ્ણના ગાવા દીઓ.

૧૩૦ સુરદાસ.

વીષય વાત મમ માત તજીને, કૃષ્ણ ભજન તું કરવા દે
ધર્મ વૃત્તીએ ધરણીધરનું ધ્યાન પ્રતીથી ધરવાં દે
અધમપણાને અલગ રાખી ભંડાર ભકતીના ભરવા દે
નટવર નામનું નાવ મલ્યું છે તો ભવ સાગર તરવા દે
નાશવંત નર નામ છોડીને અક્ષય વરને વરવા દે–વીષય૦

૧૩૧ સુરદાસ

દેખો દેખો, મેરા નામ માયા મહાન મશહુર હે
મેરા ન્યારાહી આલમમે નુર હય, જોગી ભોગીકું જરૂર હય
હમેં યું રહે ન કોઉ મુજસેં દુર હે, વાહજીવાહ વાહજીવાહ...દેખો૦

૧૩૨ સુરદા,

હાંરે મેરે રંગીલે યાર ખીલી કયસી, બાલે જોબનકી બહાર
હાંરે મેરે બાલે જોબનકી બહાર, પૈસે બીના
કયસે કરૂં કહો પ્યાર, દેદો થેલી મેરે દીવાને દીલદાર—મેરે૦
ની–થેલી મેં કયસે દું પ્યારી નવેલી એ હય જીવનકા આધાર,
મા–થેલી છુપાના ચમન ઉડાના હોતા ન બરસોં હજાર
ની–લો એ થેલી માશુક મેરે મજેદાર
મા–આઇયો મેતો જાતી હું હોકે હુશીયાર–મેરે૦

૧૩૩ સુરદાસ.

દુનીયાં હે દાસ મેરી મેં હુ રસીલી માયા,
ચીત સંતકા ચુરાયા, જગકો ભલા જતાયા,
નીરલોભકું લુભાયા, કુચ્છ ના લગાઇ દેરી
ની–નેનાકે બાન મારી, કહાં છુપ ગયે થે પ્યારી.
તારીફ કરે તુમારી નીરલોભરામ લહેરી–દુનીયા•

૧૩૪ સુરદાસ.

દાસ પરેં દયા લાવોરેં
દયાળુ દેવા દાસ પરે દયા લાવો–ટેક
સંસારી સંબંધ તોડી, જીવ આપ ચરણે જોડી,
હું તો બની બેઠો બાવો બાવોરે–દ૦
આંખો વીના સંકટ આવું, ખાડામાં ગોથા ખાઊં,
વારેં અવીનાશી આવો આવોરે–દ૦

૧૩૫ સુરદાસ.

અરે રંગ જે લાગ્યો તે લાગ્યો,
શાદ સોવો ફરી જે જાગ્યો–ટેક.
હંસોની ગતી હંસો જાણે, કાગ ન કાંઈ પીછાણે,
ઘાવ રહીત ઘાયલની ગતીને, જગમાં કયાંથી જાણે–અરે
દરદી વીણુ દરદીની દશાને, લક્ષે કોઇ ન લાવે.
સૂર ભજનનો રંગ ન ઉતરે, અમીત ઉપાધી આવે–અરે

૧૩૬ પાકજાત

ખરી તે નારી, જે નીતીમાં છે સારી,
જે નીતીમાં છે સારી, જે પ્રીતીમાં છે સારી–ખરી.
નીતી વનાની નાર નઠારી, તે જગમાં તમામ અકારી
પ્યાર કરવા લાયક પ્યારી–જે નીતીમાં છે સારી–ખરી
દાદગર રૂડાં કરે હર નારના ભુંડાં ચલન
નામના ઘરમાં થશે ને ગામમાં સઉ જન મધન
ભલી તે ભારી, જે હીતથી રાખે યારી
જે હીતથી રાખે યારી, જે ચીતથી રાખે યારી–ખરી

૧૩૭ પાકજાત

આશા મ્હારી છે ખરી,
માન, માન, યઝદાન તું ખરી–આશા
દાદ મ્હારી લઇદે યારી, હમપરનું દુઃખ દે ટાળી
રંજ કાપી, ગંજ આપી, કર સુખા તું ઘર જરથી ભરી,
માંગું હું કરગરી, માન, માન, યઝદાન તું જરી–આશા

૧૩૮ ઉદયભાણુ

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો બોલો બોલો મેના બોલાવે
ડોલો રંગ રસીયાજી ડોલો જરી ડોલો ડોલો ડોલો ડોલો પ્યારી ડોલાવે
મેના તારા વચનની વેણુ વાગી લાગી લાગી લસીત હૈયે લાગી
મેના વહાલી મેના નહી કે પણુ જાગી જાગી અજબ જયોત જાગી
વ્હેલા પોપટજી પ્યારા રામજી સંભારો વહા વહા મેના શુ સતી સીતાવીસારે
ચતુર સુજાણુ સીતારામ ઊચરાવે પોપટજી પાંજરું સોનાનું સજાવું
લાડલી હું લાલચુ નથી કે લલચાવું સોને રૂપે શુ બીડ ભીતરની ભગાવું
રૂડા સુડાને રંગે રંગે રમાડું પાખે ધાલીને ફૂલ મીઠાં ખવાડું
ભાવના ભુખ્યા શું ભારી ભાવના ભુલાવે-બોલો મારા

૧૩૯ અશરૂમતી

તગદીર ખુલા તસવીર નજરે આતી હે માસુક તુહી બુલબુલ મુજે ભાતીહુ
તેરે ગાલ ગુલાબી નેને અજબ કાંતીહે, તેરી પતલી કમર જેસી કમાન મીલજાતી હે
હસ્નોપે તેરેમે ભવર દમર બીલહાંરા, તેરી નાજુક અદાને મુજે જાનસે માર
તેરી આંખ ચમકતી રાંતદીન દો તારા તેને મારાચસ્મસમશેર ખેંચ દોધારા

૧૪૦ વીણાવેલી

અરે શું માનવનો અભીમાન-પલકમાં ટળી જશેરે
અરે જેમ પીંપલ ઊપર પાન-પલકમાં ખરી જશેરે
પલકમાં ખરી જશેરે માટીમાં મળી જશેરે પીતા
ઘડી જીવતરમાં ઘડી એક સુખની આ...રેનથી
મુઢ મમતામાં તોયે મરતાઆઆ—રેનથી પામર નર નાદાન અરે
સમજુ જને સમજી જઇ અભીમાનને વણુસાડવો
અભીમાન એ ફૂણીધરને નહીં દુધ પાઇને પોષાડવો
રાવણુ સરીખે માનથી લીધો નથી કાંઇ લાડવો-અરે

૧૪૧ ત્રીવી૦

મન માયાના કરનારારે જરી જોને તપાસી તારી કાયા
પુછી જોને તું પંડીત પુરાણુારે કોઈના અમરછે લેખ લખાણુા
કાચી છે કાયા આ માટીની માયા છે માટીના ખેલ બનાયા
સાણુા તો સમજી અલગ થયા પણુ બાળક બીચારા લપટાયા-જરા
લાખોની પાંખો ગઈ છે પીંખાઇ જેણે મુછપર લીંબુ ઠરાયા
કાળના કુવાડાથી કોણુ બચ્યું ભલે રાંક હોય ભલે મહા રાયારે-જરા
સંધ્યાના જેવા રંગ સોનેરી વંધ્યાને લાડ લડાયા
જોબન ને તનધન તેવા સમજવા પાણીમાના પડછાયારે-જરા

૧૪૨ ત્રીવીક્રમ

પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે, શોભે રજની સુંદર શી આજ
હેતે રમીએ સંગાથે સહીયર આપણેરે
સહીયર કંકણો સોનાના ધરયારે માંહે જડાયા છે નીલમમણી નંગ હેતે
મળીયાં આજે આપણે ધરી શોલ શણગાર
કર કંકણ ચુડી ચમક ચંદ્ર તેજ એકતાર
હીરા રત્નથી જડીત ઉર હાર છેરે મોતી ગુચ્છ લટકેછે બાજુ બંધ—હેતે
અંબોડા ફુલે જડયાં સર સેંથે હીંગુલ
કીધા કુમ કુમ ચાંદલા મુકતા માલા ઊર
આરસ પારસ મણી જડેલો ચોક છેરે તેમાં વસતાં હદયે નણદલ વીર—હેતે
પેર્યાં ઝાંઝર પ્રીતથી ઝણણ કરે ઝણકાર
ફરીએ સહીયર કુદડી આ રજની મોઝાર
સખી વેલીઓ ફુલી વીધ વીધ ભાતનીરે

૧૪૩ વી. ચ.

કોઇ દુધ હયો દીલ રંગી શોખીલા શાણા ઊમંગી હો—કોઈ
ફેફી પીએ કસુંબલો, ગાંજો પીએ અબુધ
દારૂ દીવાના પીયે, દાના પીએ દુધ—હાં કોઇ
એક અમીરસ દેવનો, બીજો રસ છે પ્રેમ,
ત્રીજો રસ ગોરસ ભલો પીધે કાયા હેમ—હાં કોઈ
ગોરી ગરવી ગાયના ગોરા મારા દુધ,
હુ પણ ગોરી ગોરડી ગોરૂં દીલ છે શુદ્ધ—હાં કોઇ
હેમ કટોરો હાથમાં માંહા અમૃત સાર
ચતુર હોય તે ચીતવે ગુણ સમજે ન ગમાર

૧૪૪ પવીત્ર લીલાવતી

પ્રીતી પાતરની કરનાર સરવે મુરખના સરદાર
નીતી નીપુણ ગણે નાદાન, પીડા પામે અપરંમપાર—પ્રીતી
જેની સાથે જવતણી બાળી, માત પીતા પરણાવે
એને ત્યાગી નીરભાગી નર, આપણી પાસે આવે—પ્રીતી
પત્ની સુખ પકવાન સરીખું, ત્રપ્ત થયા નહીં તેથી
ગણીકા ગમન વમન સમ ગણવું, અરે થશે શું એથી—પ્રીતી
શું એનાથી કારજ સરશે, એ શું સારૂં કરશે,
વાન સમાન સદા અથડાઇ, મોત વગર તે મરશે—પ્રીતી

૧૪૫ નીલમ માણેક.

હાયરે બળી નાજુક જુવાની.
હારી હારી ! ગઇ છું હારી જીંદગાની–ટેક.
મને ઊછેરી કરી જુવાન બાળા;
અંતે કુઆડી, કુવે ઉતારી જાણીરે.
જોડી જોડી બની, કહું શું કહાણી !
આ અવતાર આ, બળ્યો સંસાર આ, માનીરે–બળી.

૧૪૬ નીલમ માણેક.

મે–વાલમજી'! વળગો નહી વ્હેલા, અળગા રહો ઘેલા, છેલા છબીલા માનમાં
કા–મ્હારી છું તું તો, ત્હારો છું હું તો, અળગો રહું કેમ વ્હાલી !
મે–કાંટાનું ઝાળું, લાગે છે અકારૂં, કહાડું શી રીતે રે, પ્રાણ !
કા–પૈસાની પુતળી, અંતરમાં ઉતરી, જાશો શી રીતે રે,
મે–'બાપે તો કુવે ઊતારી,'
કા–'તો માની લ્હે પ્યારો પ્યારી !'
મે–'ખાંડ ખાજે ખાંડ !'
કા–'તું છે બે બદામની રાંડ !'–વાલમજી

૧૪૭ નીલમ માણેક.

મન તુ, ભમતું ફરતું ઉડતું.
શાંતી મારી લઇ !...
શોકનાં ગારમાં, શોચના દ્વારમાં,
કુડા સંસારમાં, સંકટ ભારમાં,
નાખી મને, કહું શું તને, દેહ દમે. કયાં તું ભમે !
વીકળ ચીત ભ્રમીત જણાય,
હાય રદયમાં હ્હાય પ્રકટાય.
બહુ રડાય, બહુ મુઝાય, કયાં ન કહેવાય !
કયાં ન રહેવાય !...શાંતી

૧૪૮ ઊદયભાણુ.

પંથી પરદેશી ચીત સોંપી હું આ ચાલી
મનને ભાવે તે કરજોરે પુણ્ય શાલી
તરસ્યાંને ટીંગળાવવા પટદે રાખી પ્રીત,
પુછુ પ્રવીણ પંથ એ, કોણ ગામની રીત
શુભ સંદેશો લઇ સંચરજો હું આ ચાલી
મહા મહીનાનું માવઠું જંગલ મંગલ ગીત
સમય વીનાનું બોલવું ત્રણેની એક રીત
વેવી મંડપ માંહી મળજો હું ચાલી

૧૪૯ કંસ વધ

તારા ગુણ અગણીત શું ગાઉ ગરીબ ગોમાતાજી,
તુજ તનમાં વસતા દેવ, સર્વ સુખદાતાજી.
માનવી જાતનું હીત કરનારી, રસકસ ઘરઘર તું ભરનારી,
ઘી દુધ દહી અમ્રત દેનારી, છો જગજનની, વડી માવડીરે
ધન ધાન્ય પુત્ર મળે, તું થકી સુખદાતાજી,
ખેડે ખેતી તુજ તનુજ, પવીત્ર ગોમાતાજી.
ધર્મ ધરા ધેનું બળનેરે પોશો, સુખ ઉંચાં સંસારે રે જોશો,
એ ત્રણ ખોશો, તે જણ રોશો, જો જો વીચારી આ ઘડારે
છો ભારતી ભુષણ શણગાર, ભલી ગોમાતાજી,
તારૂં બળ બુધ્ધીપ્રદ પય સરસ સુખ દાતાજી,

૧૫૦ કંસ વધ

વારો, વારો કુંવરજી કાનુડા તોફાની તેને, નંદરાણી તમે વારજો.
માજી બાળક શું મ્હોડે ચડાવો,
સુત શ્યામળીયાને સમજાવો, સમજાવો--વા૦
ઘરમાં ઘુસીને ગોરસ ખાતો, તાવણને તડફડ દે લાતો,
કહું શું વાતો–ખુણે ભરાતો, લાગ જોઇ છાનો છટકી જાતો–સ્યામળીયાને૦
વખત વીના વાછરડાં છોડે, મટુકીઓ દહી દુધની ફોડે,
પેસી રસોડે–તાવડી તોડે, દોટ દઇ કાનો દટબડ દોડે–સ્યામળીયાને

૧૫૧ ચંદરહાસ

થયા છો રે પતી તેજ તનના ઊર હસી વરી આજે
છેલ છબીલા રૂડા રંગીલા રાજપુત્ર પ્રખ્યાત
જોયા બાગે અનુરાગે, ચીત રાગે, કેમ ત્યાગે–પ્રભુ
મેં તનમન ધન તમને અરપ્યું થઇ રાજી–થયા
કૃષ્ણ કરપાએ તમોજ મળીયાં, દીલમાં જે ચીત ચાહ,
નોતું નકી, નોતી વકી, નીસાં પકી, વીધી લખી,
પ્રીયા ઊતમ તન બની હની દેવ સુંદરી પદમણી મળી આજે
મહેલ જતાં તેદી તરછોડી, હવે ન મુકું હાથ,
ચાલો આવું મન ભાવ્યું, કેમ ના નાવું, પ્રીય કહાવું.
હવે હાજરહું તનમન ધન દેવા જેમ પ્રેમ છાજે–થયા

૧૫૨ ભરથરી

તારણી તુજથી નથીરે જુદાઇ, શશી વદની સુખ પામું હું આંહી–તા૦
વદન મનોહર તારૂ લલીતા, સૌરંભ અંગ જઘન સુખદાઇ !–શશી વદની
ભ્રકુટી વીક્રમ સ્મીત અતી વીક્રમ નીરખી પ્રીયા ભુલુ સરવેરે કાંઇ–શશી૦
ત્રણસો સાઠ ત્યાગી તુજનેરે તુજ વીણ મુજ ક્ષણકલ્પ સમજાઇ

૧૫૩ કળાવતી

સ્વામી મળવાની લાણુ, ચહાય આ પ્રાણુરે—સ્વામી
તુજ આધારે જીવન દોરી, કરો શું વખાણુ સ્વયવર લાણુ
તારે હાથ પ્રાણુ, લેજો તારા પ્રાણુ, પ્રાણુ પ્રાણુ, સ્વામી,
હવે ચાલો, બહુ ગાલો, વખ્ત ટાલો જરી ભાલો
કોક પકડે, બાજી બગડે થશે હાણુ સો ટાલે—સ્વામી

૧૫૪ ખુનેનાહક

મોહનીયા પયારી સનમસે મીલાવો
જો ચાહો જો માંગે વોહી મોસે પાવો
એહ મું હ કાલા ઓર મસાલા જાકે ખુશકા ખાવો
મય જલા હું ઇસકમેં તુમ ઓર ન આગ લગાવો
જનમ એહ ગુનમાનું બીનતી સદા મય કરૂં દેખકે જરત મોરા જીયરા
ન લો નામ ઉસ ગુલકા ટહલો જાવો
મત માંદ ચાંદકો ગહન લગાવોજી
મેરી કસમ તુમ નાહી સુખન યેહ સુનાવો

૧૫૫ દ્રોપદી

ગોવીંદ ગુણુ ગાઓ રે નરનાર,
ધીરીધર શ્રી ધર શ્રી મુરલી ધર
નામથી નેહ લગાવો—હા નેહ લગાવોરે.
મારૂં તારૂં મીથ્યા માની કૃષ્ણુ કૃષ્ણુ કહે જનવોરે—રે.
અધમ ઉધારણુ ભવ જળ તારણુ,
નીરભય નામથી થાવોરે ભય નામથી જાયોરે—રે.

૧૫૬ દ્રોપદી

વા'રે લાલા મોહન બંસીવાલા,
ઠગોછો શાનેરે સલુણા,
જાણી જાણી તમારી મેં ઠગાઇ,
પ્રીત બાંધી હવે હું પસ્તાઇ.
પસ્તાઇ પુરી કાના, ઠગાઈ હુતો કાના,
રસભીના રંગીલા શરમાળા શામળીયા—વા૦
શાને સતાવો વાત વાતે ઉડાવોરે,
એરી એરી લાલા વાતે ઉડાવોરે,
મે જાણ્યા સરવે ચાળા અરે જાઓ નંદલાલા,
વ્રજલાલા, ગોવાળાં, છબીલા છોગાળા—વા૦

૧૫૭ દ્રોપદી.

સખી સ્વપ્ન મહીં મનમોહન મેં નીરખ્યા એકાંત વીષે શયને,
શરમાઇ રહી રતી નાથ મદે મુખથી નહીં કાંઇ બોલાય અરે,
વીનવે અતી વલ્લભ વ્હાલ ધરી નવ ઊતર મુખ અપાય જરી,
નીચું જોઇ રહી દ્રગ પ્રેમ ભરી ખણુતી પ્રથ્વી નીજ પાય અરે,
કર સાહી રસીક રૂદે વળગ્યા કરતાં બળજોર થયા અળગા,
તુટી હાર ગયો એ રકા ઝકમાં કસ કંચુકીની છુટી જાય અરે,
છુટી કેશ ગયા વીખરાઇ અરે ગઇ દેહ કળી કરમાઇ અરે,
ગયા સ્વેદથી વસ્ત્ર ભીંજાઇ અરે પણુ નાથ થયા નગણુાજ અરે,
મનથી મન સેજ ગયું પીગળા જેમ સાકર દુધની સંગ મળી,
કીધ ભોજન નાથની સાથ મળી મુખવાસ સુવાસ અપાય અરે.
મુખ તાંબુલની પીચકારી ઉડીરે અચાનક નાથને અંગ પટી,
સખી તે રજની અને તેજ ઘડી રસીયો રીસ લાવી રીસાય અરે,
સજી શસ્ત્ર શરીર શું અસ્વ ચડી રણુ જાય પીયું અરે હું થી લડી,
સખીઓ વીનવું તમ પાય પડી કરો જે રીત નાથ મનાય. અરે.

૧૫૮ દ્રોપદી

પ્રાણુ ચાલ્યા શું લઇ પ્રાણુ મારા સંગાથ,
પ્રાણુ જાતાં આ પ્રાણુ પ્રીયા પ્રાણુ તારે હાથ,
મરૂં ભટકી ભવ જંગલની માંહીરે
તજી પ્રાણુ જીવન સાથ (૨) સુંદર સ્વામીનો સંગાથ
દીલે દીલ એક મળ્યુ દીલથી જુદું થાય શું,
શુધ્ધ સ્નેહ સાગરનો સરીતાથી તજાય શું,
શાણુા સમજો છો વધુ કે'વું શું કામનું,
નવ જાશો મોહન મન માનતારે-પ્રાણુ

૧૫૯ ચંદ્રહાસ

ડરમાં તું દીલ સાથ છોકરા ડરમાં તું દીલસાથ,
તુને કોઇ ન મારે લાત—છોકરા૦
તુંને સંભાળું પ્રીતીથી પાળું ચાલ તુને મારો મેહેલ દેખાડું
ઘરેણું વસ્ત્ર સારાં સારાં કાઢું, ચાલ તું જો મારા મેહેલના ચીત્રો
રમકડાં રૂડાં ન્યારાં વીચીત્ર, અરે મારા કેવા છે કંકણુ હાથ
જોજે મારે કેવા કંકણુ હાથ—છોકરા૦
તમે માયાળું દીલદયાળું સૌના કહયા વીણુ હું નહીં આવું,
માન પીતા તમ ભ્રાત કોપાવું, વીષયાજી એ હું સત્ય કહાવું
નાના નહીં હું તો ત્યાં નહીં, આવું તમે મુકો મારો હાથ—છોકરા૦

૧૫૦ ભરથરી

રંગીલી રસીલી પ્યારી, કામની કટારી મારી મુંજ મન વશ કરનારીજો
લલીત લક્ષણી છો લલના મુંજ, ઊર વશી ઉર વશનારી જો
નારી ખરી વાત ઘાત કરનારી જો, વારી વારી કહું નહીં ઠરનારી જો
કાંઇ વીચારજો, કાંઇ વીચારજો
અકલ ગુમાવી, શું બેઠો, કાંઈ ધર્મ નીતીને ધારીજો
મારજો નારી ધારી રાખ પરનારી

૧૫૧ નરશી મેતા

વહાલા વેગે આવોરે, દયા દીલે લાવોરે બીડુ મારી ભાગવા હોજી
નહીં આવોતો છાના ઉઘાડું હું છીદરો—વહાલા
આ હઇડામાં ઉછળી ગોવાળીયામાં વાસ
કાંધે કાળી કામળી, માગી પોતાં છાસ
હું રાખુ તમથી દાવોરે-બીડુ૦
ને માના બે બાપના, નકટા નીરલજ બાળ
મહી માખણના ચોરટા, કંશ તણા હે કાળ
સોડ તજો રાધાતણી, દુરીજન આપે ગાળ
ધીરા વેગે થાઓરે-બીડુ૦

૧૫૨ નંદ બત્રીસી

મન ભુલાવે મન લોભાવે મન ચકડોળે ચડાવેજી
શુધ્ધ પવીત્ર નીર્મલ આત્મા કાદવે રગદોળાવેજી
જોવાનું તે નવ દે જોવા નહીં જોવાનું બતાવેજી
અમૃત મુકી વીષને વળગે નર્ક મહીં રોળાવેજી
વારૂ વનીતા વીશ્વ મહી છે, કોઈ ગોરી કોઇ કાળીજી
ત્રપ્તીછે સંતોષ મહી નથી સુખકર વૃદ્ધા બાળાજી—મન૦

૧૫૩ નંદબત્રીશ

આ સ્વપ્ના સમ સંસાર, સમજી લ્યોને શાણા,
દુરલભ માનવ અવતાર, અવની મહીં ઓ રાણા
બાળપણું રમતાં ગુમાવે,
જુવાનીમાં લંપટપણું ભાવે
વૃધ્ધપણાએ જીવ લોભે તણાએ રટે નહીં કીરતારરે-આ
મરણ શ્વાસ જવ ચાલુ થાએ,
કૃત્ય કુડાં નજરે ઉભરાયે
પીડાય ભારે, પસ્તાય પાપી ત્યારે આંસુ વહે ચોધારરે-આ૦

૧૬૪ નદબત્રીસી

ગગાજળ નીરમળ સમું શુધ્ધ પવીત્રજ સાર
તેવું કુળ જો માહરું, તો પડ પાસા પોબાર,
હંસ ગયો સરોવર તીરે, દીઠું અમ્રત સાર
પીધા વીણુ પાછો ફરયો, તો પડ પાસા પોબાર
સત્ય ચુકે જો સાધવી, ધરા ન ઝીલે ભાર
તે ગુણુ હોયે મુજ નહીં, તો પડ પાસા પોબાર
નાગ મુખે અમૃત ઝરણુ, ચોર કને ભંડાર
કામી પાસ રહે કામીની, તો પડ પાસા પોબાર
મીઠો આંબો સરવદા, ઊતમ ફળ દેનાર
તેવું કુળ જો માહરું, તો પડ પાસા પોબાર
વીમળ કમળ વીલોકીને, ભ્રમર ગયો તે ઠાર
દીઠું પણુ અડકયો નહી તો પડ પાશા પોબાર
અહલ્યા સીતા દ્રૌપદી, સતી ખરી નીરધાર
તેવું ચીત જો માહરું તો પડ પાસા પોબાર
ભુખ્યા આગળ જો ધરે, ઊતમ ભોજન સાર
ખાધા વીણુ ઊઠે નહી તો પડ પાસા પોબાર

૧૬૫ અંબરીષ

સૌથી સુંદરછે મારો નાથ—મારો. નાથ—મારો નાથરે,
ભકત મણીએ દાસ કૃષ્ણુનાજી
ગુણુસાગર એ—નટવર નાગર
મોહી અમર વરને સોંપ્યો હાથ, (૩) રે—ભકત૦
વરવાને મન નાભાગનો તન,
સંસારે કરીશું એનો સાથ (૩) રે—ભકત૦

૧૬૬ અંબરીષ

મોહનજીને મળવા તલપે મારૂં ચીતરે,
પ્રેમની આંખો, પ્રેમની પાંખો.
પ્રેમનાં ગાઉં મુખે ગીત રે—મોહનજી
સાગર સંગે, સરીતા ઉમંગે
મળવા દોડે ધરી પ્રીતરે—મોહનજી
પ્રેમે મળશું, જ્ઞાનમાં ગળશું,
બ્હેલા વળીશું આં ખચીત્તરે—મોહનજી,

૧૬૭ અનસુયા

નગ્વીણુ જગમાં નારતણી કીંમત કોડી કાવે,
હલકું લોહી ધણી અબળાનું જુઠાં આળ ચઢાવે—નાર.
વ્હાલા પણ વેરી થઇ જેને જેમ ફાવે તેમ બોલે,
કંથ વીનાની કામનીનું જીવતર તરણા તોલે—નાર.
કુડ કપટની ભરી કુલટાઓ લાલચ દઇ લલચાવે,
ભવરણમાં ભરથાર વીના ભામાની લાજ લુટાવે—નાર.

૧૬૮ અનસુયા

મારે મ્હોઢે મનાવી રાજી કહેવરાવી,
ફલાવી પટાવી પુછો શું તમે (૨)
ફુલ સુગંધીવાળાં—રૂડાં રંગે રૂપાળાં
તેની મીઠી સુગંધી કોને ના ગમે
કોને ના ગમે—મારે
લીલાં પીળાં ઝાડ પાન—ઊપર પખી કરે ગાન
રોજ કાને સાંભળવા કોને ના ગમે
કોને ના ગમે—મારે.

૧૬૯ અનસુયા

મારે મંદીરે પધારો યોગીરાજ મહારાજ,
ભોજન કરાવું મન ભાવતાં,
ઘેબર ધારી જલેબી શીરો સુખડી,
મોતીચુર ને મેંસુર ભાગે ભુખડી,
તલું તતબીરે કાચરી વડી તમ કાજ—ભોજન૦
નેહે નીપજાવું શાક ભાત ભાતનાં,
રૂડાં રાઇતાં બનાવું જાત જાતનાં,
અતી જુગતીથી પીરસું પ્રીતે ધરી આજ—ભોજન૦.

૧૭૦ કામલત

રસ ભરયું આ જોબન જાય, રશીક રંગીલા વીના
અંગ ભરયો આ રંગ સુકાય, રંગી રંગીલા વીના
સુંદર બાગ શરીરનો ખીલ્યો છે નવરંગ
અંગ ફુવારા ઉડતાં માળી જ્યાં અનંગ
ફુલ પ્રેમ રૂપી કરમાય ખીલાવે કોણ ભોગી રંગીલા વીના

૧૭૧. મલ્હાર

કપટી દીલ તારૂં તપાસી જો વાસી રહગો-કાં હાં હા
કુંવારા બાળા ફસાવી ખોટી લલચાવી ત ભુલી ગયો કાં-કપટી
વાણી મીઠી તારી ઝેરે ભરી મારી જીંદગીને ધુળ ધાણી કરી
રાખ ઇશ્વરની બીહક મનમાં જરી,
જાય છેક અભીમાનમાં વધ્યો કાં-કપટી

૧૭૨ લીલાવતી

આજ આવો રાજ હજુરમાં, કરજોડીને કરૂં વીનંતી—ટેક
એક કામસેના વેષ્યા અહી, સાચા સતરૂ તે તો મારી સહી
રાતદીન ઘેર તેને રહી, મમ પુત્રની બગાડી મતી—આજ
કુલમાં કલંગ કપુતથી, અમને જરા ગાંઠતો નથી
એથી આપને કરૂં અરજ આ, મુકી ભેટણું પદ ભુપતી-આજ
હુકમે હમારી પીડા હરી, ગણીકા કનેથી કૃપા કરી
મમ પુત્ર અપાવીએ, થાઓ રાજયની ચઢતી રતી-આજ

૧૭૩ લીલાવતી

અવર મદન અલબેલો, આતો દીશે અવર મદન અલબેલો-ટેક
સરદ પુનમના સુધાકર સરખો, આજ નગરમાં ઉગેલો-આતો
મનોહર કસ્તુરી આ મૃગ માફક, જોઉં ઝરૂખે ઝુકેલો-આતો
હું નીરભાગી નાથ તજી મુને, વેશ્યા અવાસે વસેલો-અવર
ધન ગુણીકા ધરણી નલ તુજને, પ્રીય કરયો મમ પરણેલો-આ
ચંદ્ર ચકોરને મધુર મેગસમ, મુજ મન રહેલો—આ
મયારી વેસે મને નહી જાણે મમ છળ છેલ છબીલો—આતો

૧૭૪ વીણાવેલી

હા ! માનેલી માતેલી છકેલી છોકરી તારૂં ઉતારૂં ગુમાન
હા ! ચઢીને તું છેક ચઢી ભુલી નાના મોટાનું ભાન
પહેલાં પાણી પીને ઘર પુછે પછી એ તો મહા અજાણ-હા૦
લાડ લડાવીએ બાળપણે, પછી કરે અપમાન
પાળીએ, ભુલી ભાન, કદાપી સ્વાન રહેવું નુકસાન,
થાય કુપાત્ર ન પ્રીતીનું પાત્રજ, રહેશે આખો ભવ દુઃખ નીધાન

૧૭૫ ગુણ સુંદરી

જાર નર નારને ધીકાર છે હજાર વાર—ટેક
જાણો તેને ગમાર, મુરખનો સરદાર,
અપરાધી એ અપાર, સમજો સજ્જન સાર—જાર
દામને ઊડાવનાર, વખત ગુમાવનાર, શરીરને સુકાવનાર, નરકનો ધરનાર
લાજને લુટાવનાર, જગતમાં જાણો જાર—જાર
પ્યારમાં જતો હજાર, બહુ થયા છે ખુવાર,
નથી મલ્યો જરી સાર, વ્યભીચારમાં લગાર,
ઉપર ઘણેરૂ ભાર વ્હાલો પ્રભુને લગાર,
નથી નથી તલભાર અરી ગણી પ્રભુ માર મારશે અપાર ગદામોગરીથી ઠાર
પાછી નરકના દવારમાંહી, જમદુત હડસેલી નાખે નીરધાર—જાર

૧૭૬ દેવયાની

અતી પ્યારા, પતી મારા, કયાં ગયાં, રતી ધારા, ટળી ન્યારા શું,
આવ્યા હળવે મુખ મલકાવી છળ બળથી મુજને સમજાવી,
દઇ દરશન મન હરયું હરખાવી, પ્રીત પરસ્પર પણ પરખાવી,
લલચાવ્યાં લાલે કોઇ આવી, સ્વપનાઓ દીધાં ભરમાવી,
શું લોભાયા બા બા બા બા,
એ સંતાયા જા જા કરી દીવો ધરી જોને ફરી ફરી, પતી મારા કયાંગયા

૧૭૭ ત્રીયારાજ

અબ ચલે (૨) ન મોહન તેરા, લે ચલું ગુરૂ મેં મેરા
કયું કરે અનાદર મેરા મેં ઓઢી નાથકા ચેરા,
મત બોલે મુંસે જયાદે તું તન અપના સમજાદે,
ત્રીયા દુર જા સમજ દીલપા, બીચ મત આ ગુરૂ દીલ ફેરા—લે ચલુ.
સ્મશાન ભુમી અબ જાતા, ટલ આઉં પીછા સન બાતા,
કહે મુહી, ચલે નહીના અબી ગમખા, ચલા જહાં ડેરા—લે ચલું૦

૧૭૮ શાવલીંધ

કેમ ખોલુ પ્રીતમ ઘુંઘટો કેટલાક ઘુંઘટે ખુવાર થયા
ખોઇ શુધ્ધ બુધ શરીરની મુજ નેત્ર હાલ હવાલ થયા—ટેક૦
હું રંક જાત વણીકની, તમે કુંવર મોટા રાજના,
શો લાભ ખોલે ઘુંઘટો, મુજ મુખ જોઈ સાંજના—કેમ૦

૧૭૯ નાટક

જયસી કરની વયસી ભરની, આજ કીયા, કલ પાવેગા
ધોકા દેગા ગયરાંકો તો આપભી ધોકા ખાવેગા
ધન દઉલત અગરમ બગરમ સબ જોરકે તુમ ચલાવેગા
મરતે વકત યક તીનકાભી કબ સાથ કીસીકે જાવેગા ?

૧૮૦ તારા સુંદર

અહા, ખુશી ઓહો ખુશી (૨) આવો મળ્યા ભાઇ સરખે સરખા
હાશ ગઇ ભવ ભાવટ ભાગી
મોજ, મઝા મળશે મન માગી
રંગ ઉડાવશું-જંગ મચાવશુ
ઓહો ફ્રીરાવશું અકકલ ચરખા—અહા
ચલ ચલીજા ચલી જા નાલે માલે કરદે બંદેકે હવાલે
તેરા ઘર મેરે આગે, દહીંમે મુછ ડાલે
ગીડ ગીડ ગીડ ગીડ તડાક (૨) અહા ખુશી૦

૧૮૧ તારા સુંદરી

મ્હોટી વાડી બનાઊં ઘોડા ગાડી દોડાઊં
કોટે લાડી લગાઊં, અરે વાહ વાહ વાહ
અચ્છો કલપ લગાઉ ચ્હેરો જુવાન બનાઊં
અલબેલો બની જાઉં અરે હા હા હા
વળી જાતે રીસાઊ પાછો પોતે મનાઉં
છબીલીથી છણુકાઉં અરે વાહ વાહ વાહ
પ્રેમદા જો પામી જાઉં ભલે લાતોજ ખાઉં
રૂડો સંસાર જમાઉં અરે હા હા હા
કે'શે પીયુજી પધારો, નાના સુંદરી સીધારો
પુઠે છે આ પ્રાણુ પ્યારો અરે વાહ વાહ વાહ
બ્હાલા આપો ભાગ મારો બ્હાલી આખો હું તમારો
કે'દી એવો જનમારો હરી હરી—

૧૮૨ તારા સુંદરી

વાહરે વાહ લલુણી સુખેથી પધારો, તારૂણી ટેક મારે કીરતાર તારનારે
મોહન ગણું મારો—સફળ જનમારો—વાહરે૦
રસીક તમે સુજાણુ, તમો વરંધા પ્રાણુ,
ભવસીંધુ વહાલી વહાણુ છે તારનાર જાણુ—વાહરે૦

૧૮૩ તારા સુંદરી

રાધા રસીલી શું રીસાયે, છબીલો નટવર છક થાયે
નરપતી પડું છું હું પાયે, પ્રમદા હું પણ પડું પાયે
સુણી વચન જીવ ગભરાયે, થરથર કાઆા આ થાએ
અસ બહુ બહુ શીદ મરડાએ—છબીલો
રે સુંદરી શું શરમાયે નીર્લજ વચનો ન સુણાએ
જુઓ હૈડું તો હરખાએ જુઓ મનડું તો મલકાયે—રાધા૦
કમજાત કુટીલ કુલટા લે, એક લાડથી અહીં મારી લે
લે લાડલી લે માનીલે માનીલે—રાધા૦

૧૮૪ તારા સુંદરી

મદઘેલી સાહેલી અલબેલીરે, પ્રીતી જંગે ઉમંગે ચઢેલીરે
રસીયો રીઝાવે રંગેરે, ઘેલાં થશો તે સંગેરે
રમશો રસે મન મેલીરે, અલી સંગે કળી મરડાશેરે
રસરેલી રસીલી લુટાશેરે, વારૂં વારૂં રહે છાની ચળેનીરે—મદઘેલી

૧૮૫ તારા સુંદરા

વાહ વાહરે અલબેલી સુંદરી સુજાણ, વનમાળી વારી વારી તનમન પ્રાણ,
વાણી વાણી મધુર, સુણી શાંત થઝું ઊર, પ્રીત પાનેચકચુર મારા ચતુરસુજાણ
વગર મુલે મોહન હું વેચાઉં છુ, પ્રીતી પાસે સલુણા બંધાઉં છું,
મારા રસીયાના રૂપે લોભાઉં છું, નયન ગ્રંથે હું ગુંથાઉં છું.
વસ્યા ચીતમા ચીતહર, માનુની તું મનહર,
મ્હારે ભોગી ભ્રમર, હું તો ભોળી અજાણુ—વાહ૦

૧૮૬ તારા સુંદરી

વ્હેલા વળજો વાલમ મારા તનમન સોંપ્યું તમનેરે,
ચતુરા ચોરી ચીતડું લીધું ચેન પડે નહી અમનરે.
મને બાવરી બનાવી તમે વાલમાં, રમે ભોગી આ રસીક નુજ વાલમાં,
વેલા વળજો ખચીત, ગોરી સોંપ્યું આ ચીત,
વાલા વીસારી ના દેશો, ચુકે અલીકળી કહેશો.
વારેવા, વારેવા, હવે નીરખી લે પ્રીયતમનેરે.

૧૮૭ તારા સુંદરી.

તું તો સમજ સમજ તારી મેળેરે, જીંદગી જાય તારી એળેજી
વૈભવ તારો વહી જશે જેમ નદીઓનાં પુર, ત્હારૂ ઘટશે વદત તન નુરરે૦
ચળકી દેખે ચાંદની ચાર ઘડી ચંડાળ, અંતે કુટશે કાળ કરાળરે—જીંદગી૦
અધે ઝાલી આરશી, બેરો ગીત ગુલતાન, મુંગો લાગ્યો આલાપવાને ગાનરે

૧૮૮ તારા સુંદર

નથી સાહયબી સદાય કોઇની ટકી ટકી
પુર નદીનું પળમારે વહી જાશે નકી–નથી
હાથી તણા હોદે ચઢી ઘડી કાગડા કાંક ફુલાય
હોઠ તણો તજી અમૃત કોળીયો ઉકડે જીવ જાય–કોઇની૦
જોબન ધન પલકમાં પલટાશે જેમ સંધ્યાના રંગ
ઘોર પછી અંધકાર છવાશે જામશે જાલમ જંગ–કોઇની૦
શરદ રૂતુની વાદળી જેમ પળપળમાં પલટાય
ચાર ઘડીને કારણે શીદ મુરખ મન મલકાય–કોઇની

૧૮૯ તારા સુંદરી

જરા ધીરેસે આવો પ્યારી નેનાં મીલાવો,
એક બોસ્સા દીલાઓ દીલદાર મોહે પ્રાન–જરા૦
પ્રેમ પ્યાલા પીનાઓ મીઠી બાતો સુનાઓ,
પ્યારી રંગે રીઝાવો આવાર મોહે પ્રાન
અજી ચલોજી સાથ ગલે ડાલોજી હાથ કરો ધીરેસેં બાત
એજી વાહ વાહ વાહ—(૪)

૧૯૦ તારા સુંદરી

રે મન પંખી, શીદ ગભરાયે, સત્ય શરણુની તું જા છાયે
ડરવું શાને દીલ વીષે, મરવું એકજવાર
કરવું સુકૃત પ્રાણીયા ભરવું ભાતું સાર
ભુલ્યો તું ભવકુપ પડયો પામર ગોથાં ખાય
ભગવતને ભજ ભાવથી બુડતાં ઝાલે બાંય

૧૯૧ સાવીત્રી

ઉ–ભાઇ ભાઇ ભુંડો વાંઢાનો અવતાર,
ગ–સ્ત્રી વીના કહેવાય સુનો સંસાર–ભાઇ૦
વાંઢા ઉપર વીશ્વાશ ઝટ નાવે, વ્હેમીલા લોક વ્હેમ કંઈ કંઇ લાવે,
નીત્ય નવા ખુટા ઊઠાવે–ભાઇ૦
ઉ–ભરવાં કરવાં પાણી છાણી, ઝાટકવા નીત્ય દાણો દુણી
રળ્યો રોટલો બાળી ખાતાં, આંખોમાં નીત્ય ભરાય ધુણા
એકલા રહયામાં દીઠો ન કાંઇ સાર

૧૯૨ સાવીત્રી

સા-લગન શું સમજે છો ખેલ સાહેલી,

ગુચવણી સમજવી નથી એની સ્હેલી

સુકર્યાં દાવે દુખને આનંદ હેલી, ભાવી તણો ખેલ શકે કોણુ ખેલી.

મા-ભોગી તણી સાથે બની જવું ભોગી,

રોગી તણી સંગે રહી કરવો નીરોગી.

પ્રારબ્ધે જે મેળવ્યો ભોગી કે રોગી,

ભોગવતાં તે સુખદુખ થઈને સંયોગી

સા-વ્હાએ બાળા ભોળી બની ભવ બાળે

વ્હાએ પુર્વે જન્મનાં પાપ પ્રજાળે.

નથી ફળ લેવાનું એક ઉછાળે. મોતી તો પાકે છે ઉંડે પાતાળે.

૧૯૩ સાવીત્ર

કાળ બળ અકળ ભુતળપર ભાલ્યું,

ચળે જે કોઇ થકી નહીં ટાલ્યું. ખળે નહીં ખાલ્યું-ભુતળ

ઊજડ જંગલમાં ગામ વસાવે, જળ ત્યાં સ્થળ સ્થળ જળ દરશાવે,

થાય સમયનું ધારયું-કાળબળ

કંઇક ઉંચા ગીરીવર ઉથલાવે, મહીપતીને પણુ રંક બનાવે,

સૌ એનાથી હારયું-કાળ બળ.

૧૯૪ સાવીત્રો

છ-આવો આવો, હું લેવરાવુ લ્હાવો, આ મારા સંસારનો.

ગ-થશો આજ અનુભવ ભવપારનો.

છ-તમારા વીના વ્હાલું નથી કોઇ મારે, તે માટે કરૂં પુજા તમારી પેજારે.

ગ-આતે બાયડી કે શાયડી !

છ-શાયડી, શાયડી, શાયડી,

દીઠો માલ શું મફતાઓ બજારનો, આ મારા સંસારનો-આવો આવો૦

ઝુ-હું નથી એવી ભોળી (૨) હવેતો રહીરે-હુ

પાવરધી થઇ પુરી, મારી જોડજડે ના ખોળી-હુ.

નીત કજીઆ કંકાસ કરી ઘરમાં સળગાવું હોળી.

છ-પ્રસંગ આવે પરખાશે બાઇ તું ગળણું કે ગોળી

ભલે ભાંયડો ભીખ માગે ખાંધે ભેરવી ઝોળી

આપણે તો બાઇ ઘીમાં ઝબોળી ખાઇએ ખીરને પોળી

૧૯૫ સાવીત્રી

ઓ હરજી શાકાજે મને સરજી,
વીધાતાએ નીરમ્યો નથી મમવરજી–ઓ
સરજનહારે શી રચી, જગમાં જોડ અનેક
વીધીને મન હું એકલી, પડી વધારે એક
સુંદર વૃક્ષસંગે શુભવેલી, મળી ચંપાને ચતુર ચમેલી
નીરમ્યો નથી મમવરજી–ઓ.

૧૯૬ સાવીત્રી

ના તરસાવ (૨) મધુકર ડંખ દઈ કયા ઉડે,
ફરી ફરી નહીં મળે આવો દાવ–ના૦
સ્નાન કરી લે તન સરવરમાં, કળશ કનકના ગ્રહીને કરમાં
લઇ લે સુખનો લ્હાવ–ના૦
સ–ઝાકળનું જળ હોય ન મીઠું [જાણી જમશે કોણુ અજીઠું
તજ તુજ સ્વાન સ્વભાવ–ના૦
સા–એ મનમોહન નવ બોલાવશો, મુજને કહી રાજકુમારી
હવ હું થઇછૂં દાસી તમારી, વાલમ ગઇ હું તમ પરવારી—નવ.
સ–બાળા હું નથી રાજકુમાર, વીકટ વન જંગલમા વસનાર
જોડી મમ સાથ તમારો પ્યાર, તમે સકુમાર,
શું સુખ પામશો–કહયું માનો મન હરનારી–એ મનમોહન

૧૯૭ સાવીત્રી

બોલું ન કહી બે,લજે, પળે ના પળ્યા (૨)
લલાટે લખ્યા લેખ તે ટળે શું ટળ્યા
સુસ્યાં શું કદી નેવ નીર મોભે વળ્યાં
શુધ્ધ પ્રેમે રૂદય બે મળ્યાં તે મળ્યાં
સંકલ્પ અચળ મારા ચળે ના ચળ્યા (૨)
સાકર કેરા હીરા ગળ્યા તે ગળ્યાં.

૧૯૮ રાગ સોરઠ ત્રીતાલ

પનીયાજ ભરન ગઇ બીચ ડગર મોહે ઘેરી.
મયતો ચંચલ નાર હું નીપટ નીડર નટવર નટખત
દેખો, હમરી કછુ નાહી સુનેરી—પનીયાજ.
લપક ઝપક મયતો ગઇ પનઘટપર
ગગરી ઉતાર લીની રે મોરી
ગોહર પ્યારી મયતો નયના તોપેવારી જાઉ, બરજોરી કીની મોપેરી–પ૦

૧૯૯ રાગ કેદારો ચતીતાલ

લાગીરે મોરી નઇ લગન,
લાગીરે તુમસો હે જગનાથ ખ્યારે સુમરન કરત રહી
નીસદાન ધડી પલછીન—મોરી નઇ લગન—લાગીરે૦
અબ તો તીહારી રાહ તકત હું છોડું ન યાદ દાતા તારી
નીસદીન—મોરી નઈ લગન—લાગીરે૦

૨૦૦ રાગ—દેશ દાદરો

રે એ ગોવીંદ રાકો ચરન અબતો જીવન હારે
નીજ ભરન હીન ગઇ સીંધુકે કીનારે
હાથ પકડ લેત જાત મોહે મજ ધારે—રેએ૦

૨૦૧ રાગ—માંઢ લાવણી

સોબત સજ્જનકી કરના
કપટી લોગનસે ડરના, ભલા ઇસ જગગે—સોબત૦
સોબત કરીયે અયેસોંકી જો અગમ બતાવે બાત
સોબ્બત કરીયે ગધ્ધોકી તો શીર શીર મારે લાત—ભલા ઇસ જગમે—સોબત
સોબત કરીયે અયેસોંકી કે જયસો ટંકન ખાર
આપ જળેપર આંખરી બ્હો ભાગ્યા સાંધે હાર—ભલા ઇસ જગમે—સોબત
સોબત કરીયે અયેસોંકી કે જયસો સીસકો બાલ
કટે કટાવે તોભી અપનો કભી ન છોડે ખ્યાલ—ભલા ઇસ જગમે—સોબત૦
હસકી સોબત જુઠ હયે કે .ઓર સરોવર જાયે
સચ્ચી સોબત મીનકી જો જળકે સાથ સુકાય—ભલા ઇસ જગમે—સોબત૦

૨૦૨ રાગ—ખમાચ—જીલ્લો—ત્રીતાલ

માનુ ત્રાનુ ના તીહારી તોરે પાઉં પરહારી
હમ સંગ છીપ તુમ પ્રીત કર લીની
દીલ બરકો દીલસે તજ દીની
જુઠી કસમ કયું ખાતે હો મોહન
અબ હમરી સુન પાઇ—માનુ
હોનીથી સો હો ગઇ સજની,
સમજ સમજ મનમે પછતાઈ
કરમમે હમરે યેહી લીખાથા
સ્યામ મીલે હરજાઇ—માનુ૦
અબતો સાત ભઇ તું હમારી
સમજ લુંગી મય ઉન સંગ જાઇ
બાન્ડા કહે કયું રાર મચાઇ
અયઠ રહો ઘર જાઇ—માનુ૦

રાગ—ભુપ કલ્યાણ—ત્રીતાલ.

છબ સુંદર દીખાયે લીનો મોહે લુભાયે
મોસે મધુર મધુર રસ બતીયાં બનાયે....છબ૦
બાત કરત મુસકાયે કાયે
ઈત ઉત ચીત વત કછુ ચીત ચુરાયે
અયસો ચંચલ મન મેરો હરત ધાય....છબ૦

રાગ—દેશ—દાદરો.

એ ગોવીંદ રાકો ચરન અબતો જીવન હારે
..ર ભરન હીન ગઈ સીંધુકે કીનારે
હાથ પકડ લેત જાત મોહે મજ ધારે—રેએ.

રાગ—માંઢ—ગઝલ તાલ—પીસ્તો.

પનો તુમ સબ મોતાહારી, રખ્ખો હુશીયારી,નહીતો હોગી|લાચારી
ફીર પાઓગે બેકરારી, પૈસાકી ખ્વારી, ઓર આખીરમે ભીખારી.

રૂબાઈ.

જો કોઈ પીવેગા, તાડી યા શરાબ,
દોજહાંમે હોવેગા આખીર ખરાબ,
જાવે માલ ઓર આબરૂ ઓર આફીયત,
ફીર ખોદાકે વ્હાંભી પાવેગાં અઝાબ—બનો.

બેત.

શરાબકી બુનીયાદ ખરાબ, ખરાબ,
દુનીયામે રૂસવાઈ, આખીરતમે અઝાબ—બનો.

રૂબાઈ.

શરાબકી ખરાબી તો હય ઝાહીર,
કે ખાવે માલ ઓર હુરમતકો આખીર
ફીર ઉસકે તનકો, ઓર જીકો ન રાહત,
અગરચે માલ રખતા હોવે વાહીર—બનો.

સત્યવૃત

શુ હાણ્યા શું માણ્યા શું જાણ્યા ભુદેવ સુખ,
નવ કરીઓ સલુણાંનો સંગ,
ઉત્તમ અવતાર આવો એળે ગુમાવીઓ
રતી લાગ્યો ન રંગ નાહયા નવ નારી ગંગ—શું૦
માનો જો મારૂં તો, પાડો પનારૂં કોઈ
લટકાળી ચટકાળી સાથ,
ગ ને રીઝાવશે ભાવે મન ભાવશે,
ગો પશુ સ્થીતીનો કરી ભંગ—શું૦

મુખના મીઠા મનના કપટી, નહીં બોલુ મહારાજ,
ગરજ તમારે નથી કશાંની,
જાણ્યુ કોઈ મળે છાની—મુખના૦
એતો હશે અલબેલી ને આતો છે પ્રેમ ઘેલી,
આવી કસોટી અવળી કરતાં કેમ ન આવે લાજ—

ભજન.

પ્રેમ ભીક્ષા લાના બાળા ગુરૂને મંગાઈ,
ગુરૂને મંગાઈ બાળા ગુરૂને મંગાઈ—પ્રેમ૦
પહેલી ભીક્ષા જળ ભર લાના, કુવા બાવડી પાસ ન જાના
નદી તળાવકે છોડકે લાના, તુંબડી ભર કે લાના બાળા-ગુ૦
દુસરી ભીક્ષા લકડી લાના, બન ખંડી કે પાસ ન જાના
લીલી સુકી છોડકે લાના, દુના ભરકે લાના બાળા—ગુરૂ૦
તીસરી ભીક્ષા આટા લાના, ગામ બસ્તી કે પાસ ન જાના,
માબાપકું છોડ કે લાના, ઝોલી ભરકે લાના બાળા—ગુરૂ૦
ચોથી ભીક્ષા દરશન લાના, કાઝી બમન પાસ ન જાના,
જોગી ફકીરકું છોડકે લાના, નયના ભરકે લાના બાળા—ગુરૂ૦

કુ૦વાલી.

તેરી સુરતે પે હું કુરબાન રસુલે અરબી
હો ફીદા તુઝપે મેરી જાન રસુલે અરબી
કયાહી પ્યારે તેરે અલ્કાબ હેં એ ખત્મે રસલ.
શાહે દીં સઈયદે જીશાન રસુલે અરબી
અંબીયા હે તુઝે મહબુબે ખુદા કહ કહકર
નાજ કરતે હેં સુલેમાન રસુલે અરબી.
જાયેંગે સબ ચમને ખુલ્દ મેં હે હુકમે ખુદા
લાયેંગે તુઝપે જો ઈમાન રસુલે અરબી
દેખકર રોજએ અકદસ કો તેરે નીકલેંગે
સબ મેરે હસરતો અરમાન રસુલે અરબી.

એસ. પી. પી. ચોગી,

બુકસેલર.

કાલબાદેવી મલ્હારવાડી ઘર નં૦ ૯